શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન ખબર પત્રિકા

E-PATRIKA

પાના ૨૩

વર્ષ - ૩ ● અંક - ૫૯ ● સળંગ અંક - ૬૮૯ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. ફોન : ૨૩૪૬૮૫૨૮ | ફક્ત મેમ્બરો માટે

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે. | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org

પ્રાગપુરના નિતીન રાઘવજી ગડા ઉ.વ. ૫૫, તા. ૯/૮/૨૦ના ટુંકી માંદગીથી અવસાન પામ્યા છે. મુલીબાઈ મુરજીના પૌત્ર. ગં.સ્વ. કસ્તુરબેન રાઘવજીના પુત્ર. આશાના પતિ. નીલના પિતા. કાંતી, દિનેશ, અરૂણા, કલ્પના ના ભાઈ. પુષ્પાના જેઠ. અરૂણાના દિયર. લાખાપુરના જાદવજી, નાના ભાડીયાના પ્રફુલના સાલ. પ્રાગપુરના મોંઘીબાઈ પ્રેમજી, શાંતાબેન જાદવજી, ભાનુબેન કલ્યાણજી, કેશરબેન ચાંપશી, ભુજપુરના લક્ષ્મીબેન ધારશીના ભત્રીજા. ભુજપુરના રતનબેન કરમશી હરશીના જમાઈ. રતાડીયાના હસંરાજ ચનાના દોહિત્ર. મંજુલા લાલજી, રતન વશનજી, વનીતા શામજીના ભાણેજ. રતન, વાલજી, લક્ષ્મીચંદ, ધીરજ, લહેરચંદ, બબુ, ચંદ્રિકા, વર્ષા, જયશ્રી, ભાવેશ, શરદના કા. ભાઈ. વેલબાઈ, હરીલાલ, ભાનુ, હેમલતા, શીવજી, પ્રભા, કંચન, મહેન્દ્ર હસમુખ, નીના લતાના મામાઈ ભાઈ. ભરત, જયેશ, પ્રીતી, હિના, જીગ્ના, પલ્લવી, હિતેષના કુઆઈ ભાઈ. સાગર, વડાલાના ચૈતાલી ભાવિક, માહીના કાકા. જીતેશ, ભાવિક, રીનલ, મીનલના મામા. બીનાના કા. સસરા. રૂપલ, પંકિતના મા. સસરા. **પ્રાર્થના રાખેલ નથી.** ઠે. નીતીન રાઘવજી ગડા, એ-૧૦૩, પર્લ હેવન, સેન્ટ્રલ પાર્ક, અગાશી રોડ, વિરાર (વે.) ૪૦૧૩૦૩. કાંતી (મો.) ૯૫૯૪૦૪૬૪૪૮, દિનેશ (મો.) ૯૬૯૯૬૨૮૪૫૬.

2/1/1 -------- (1-5)

કપાયાના સુશ્રાવક ભુમેશ કુંવરજી સંગોઈ ઉ.વ. ૬૨, તા. ૧૦/૮/૨૦૨૦, ૨૭માં ઉપવાસે સમાધિ ભાવપૂર્વક અરિહંત શરણ પામ્યા છે. રાણીમા રામજી ગગુના પૌત્ર. હીરબાઈ કુંવરજીના પુત્ર. વિણાબેનના પતિ. મેકિન, પિંકેશના પિતા. જેશી, હીરલના સસરા. ધિરા, ક્રિસા, બડીના દાદા. જસવંતીબેન, લક્ષ્મીબેન, ચંદનબેન, વિરેશભાઈ, બેલાના ભાઈ. પ્રતાપર કલ્યાણજી નાનજી, વડાલા હીરજી શામજી, રામાણીયા કાંતિલાલ મોરારજીના સાળા. દિનાબેનના દિયર. પ્રાગપર ચોથીબાઈ નાગશી ઘેલા વીરાના દોહિત્ર. મોખા કુંવરબાઈ હીરજી વેરશી દેઢીયાના પૌત્રીવર. ચંચળબેન (મુલબાઈ) નેણશીભાઈના જમાઈ. કુંદરોડી ઉમરબાઈ નેણશી દેરાજ છેડા, ઉમરબાઈ ભવાનજી છેડાના દોહિત્રીવર. ગીરીશ, કુમુદ, બીના (બન્ટી), કેતનાના બનેવી. પ્રતિભાના નણંદોઈ. પ્રતાપર પ્રવીણ કેશવજી, રામાણીયા દિપક મોરારજી, રતાડીયા (ગ.) ગીરીશ મોરારજીના સાઢુભાઈ. કેરેલા-ટ્રીસુરના અચ્ચામા જોસપોલ થરાટલ, શેરડી ચંચળબેન દિનેશભાઈ લખમશી ગાલાના વેવાઈ. **ગુણાનુવાદ સભા રાખેલ નથી.** ઠે. વિણા ભુમેશ સંગોઈ, પ્લોટ નં. ૪૫૭, ૫મે માળે, વુડલેન્ડ નુક, ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.), મું.૧૯. ટે. વિણા : ૯૮૬૭૭૪૬૧૬૫, પિંકેશ : ૯૮૩૩૬૯૫૯૫૪, મેકીન - +૧૪૮૦-૩૨૯૬૧૬૫, ૯૬૧૯૧૩૩૩૧૩- U.S.A.

2/1/1 -------- (1-5)

ભુજપુરના શ્રી રમણીક ધનજી વીરાની મરણખબરમાં સુધારો

ગઈ કાલ તા. ૧૧/૮/૨૦૨૦ની ખબર પત્રિકામાં પાના નં. ૧૦ પર આવેલ મરણખબરમાં શ્રી રમણીકભાઈના મામાઈ ભાઈ-ભાભીની વિગતમાં એક નામ ગામ પત્રીના ઉર્મિલા શાંતિલાલ લાલજી ધરોડ શરતચૂકથી રહી ગયેલ છે. શરતચૂક બદલ ક્ષમાયાચના. લી. કુટુંબીજનો.

2/1/1(4) -------- (ES-310)(1-5)

ડુમરાના અ.સૌ. ભારતીબેન સીએ બિપીન દામજી કારાણી ઉ.વ. ૬૪ હાર્ટએટેકથી તા. ૧૦/૮ના અરિહંતશરણ પામ્યા છે. લક્ષ્મીબેન દામજી મુરજી કારાણીના પુત્રવધુ. સીએ બિપીન દામજીના ધર્મપત્ની. સીએ સિધ્ધાર્થના માતુશ્રી. તૃષાના સાસુ. બાડાના ડો. મણી (મીતા) ડો. મનસુખ શીવજી નંદુ, પત્રીના સુશીલા ખુશાલ રાયશી ધરોડ - યુએસએ, માપરના ઈંદિરા કાંતીલાલ તેજશી ગડા-જબલપુર, ડુમરાના રમેશ દામજી મુરજીના ભાભી. તારા રમેશના દેરાણી. રતાડીયા (ગણેશવાલા)ના રતનબેન પોપટલાલ લધુભાઈના સુપુત્રી. હેમા કાંતીલાલ દેઢીયા-બગડા, ચંદ્રિકા અમર સાવલા-કોડાય-યુએસએ, પ્રફુલ્લ પોપટલાલ સાલીયા -રતાડીયા (ગણેશવાલા), ચેતના અશ્વિન સૈયા-ગેલડાના બેન. બીના પ્રફુલ્લ સાલીયાના નણંદ. પ્રતિભા અશોક દોશીના વેવાણ. વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને **પ્રાર્થના રાખેલ નથી.** સદ્‌ગતના આત્માની શાંતિ અર્થે ૧૨ નવકાર ગણવા. સરનામું : બિપીન દામજી કારાણી, ૭૦૨ પ્રેમ વીલા, વી.પી. રોડ, SMPR સ્કૂલની સામે, મુલુંડ-વે., મું.-૮૦. સીએ બિપીન : ૯૧૫૨૬૫૩૦૧૦, સીએ સિધ્ધાર્થ : ૯૭૭૩૫૦૭૪૦૯, પ્રફુલ્લ સાલીયા : ૯૮૨૦૧૧૬૧૭૧.

2/1/1 -------- (1-5)

નાના ભાડિયાના વસનજી પુંજા છેડા (V.P.) ઉ.વ. ૮૮, તા. ૮/૮/૨૦ના અવસાન પામેલ છે. જેઠીબાઈ પુંજાના પુત્ર. વિમળાના પતિ. અશ્વિન, ભારતી, નીતા, નિતેષના પિતાજી. શોભના, ગોધરો રમેશ હંસરાજ, નાંગલપુર અશોક મગનલાલ, ફાલ્ગુનીના સસરા. રોશની, પ્રિન્સી, હેનીસ, રાજ, મીતના દાદા. ભુજપુર ધિરેન હસમુખ, દિવિતાના મોટા સસરા. ધ્રિતી, જયના મોટા નાના. દિરાના મોટા દાદા. અવની, હાર્દિક, કિંજલ, જયના નાના. નરેડી અક્ષય રજનીકાંત પૂનમ, ગઢસીસા ડો. વીકી ખુશાલના નાનાઈ સસરા. માયરા, રેયાન, દિયાનના મોટા નાના. ખીમજી, વાલજી, ખેતશી, પ્રેમજીના ભાઈ. સાકર, કસ્તુર, ભાનુના દિયર. તારાના જેઠ. જયંતી, ધિરજ, સુરેશ, દિનેશ, નિતિન, નિલેશ, રાજેશ, રોહીતના કાકા. ચાંપશી, વિરજીના કાકાઈ ભાઈ. ભાણબાઈ શિવજીના ભાઈ. જેઠાલાલ, ખેતબાઈ, નિર્મળાના મામા. મોટી ખાખર ગંગાબાઈ ગાંગજીના ભત્રીજા. નાના ભાડિયા નેણશી મુરજીના જમાઈ. લક્ષ્મીબેન મોરારજી, રતનબેન નેણશી, બિદડા કંકુબાઈ ભવાનજીના બનેવી. ગોધરા હંસરાજ મુરજી, નાંગલપુર મગનલાલ કેશવજી, ટુંડાના ભવાનજી પુનશી, દેશલપુર મગનલાલ પદમશીના વેવાઈ. કોડાય અશ્વિન દામજીના મોટા વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. નિતેષ વી. છેડા, બી/૧૦૧, ચિત્રકુટ બિ. અગર બજાર, દાદર (વે.), મું. ૨૮. ફોન : ૦૨૨-૨૪૨૨૧૯૪૦, નિતેષ : ૯૨૨૩૨૯૨૬૯૪.

2/1/1 -------- (1-5)

ગોવાલિયા ટેંક સખી મંડળ

ગો. ટેં. સખી મંડળ આયોજીત પર્યુષણ પર્વની આરાધના આપણે છેલ્લા ૧૫ થી ૧૭ વર્ષ સુધી શ્રીમતી ચંચળબેન ચંદુલાલ ફેમવાલાના ઘરે કરતા હતા હાલની કરોનાની વિકટ પરિસ્થિતિના કારણે અને એના લીધેલ ઉદભવેલી પરિસ્થિતિને કારણે સંજોગવસાત આ વર્ષે આપણે એમના ઘરે નહી કરી શકીએ તેની નોંધ લેશોજી. લી.ગો. ટે. સખી મંડળ.

2/1/1(1) -------- (ES-300)(1-5)

છસરાના હાલે કોલ્હાપુરના નાનજી ભવાનજી ગાલા ઉ.વર્ષ ૯૪ તા. ૫/૮/૨૦ના અવસાન પામેલ છે. સ્વ. પાનબાઈ ભવાનજીના પુત્ર. સાકરબેનના પતિ. હસમુખ, જયા, અનીલના પિતા. કસ્તુર, હંસા, બગડા ચીમનલાલ ખીમજીના સસરા. કલ્પા, સ્નેહા, નિતેશ, તેજશના દાદા. મીતના મોટા દાદા. અમીશા, ટોડા સમીર મણીલાલ પ્રેમજીના મોટા સસરા. ફાલ્ગુની, નિલેશના નાના. દિયા, વિહાનના મોટા નાના. મણીબેન, લક્ષ્મીબેન, કેસરબેન, ભાનુબેન, ધીરજ, હરીલાલના ભાઈ. ગુંદાલા તલકશી લાલજી, મોખા વિશનજી કુંવરજી છેડા, કુંદરોડી મગનલાલ લખમશી વોરા, લખમશી ચનાભાઈ વિસરીયાના સાલ. કંકુબેન, હેમાના જેઠ. કુંદરોડી હંસરાજ વીરજી મુરજીના જમાઈ. તલકશી, શાંતીલાલ, જવેર, નિર્મળાના બનેવી. કુંદરોડી રામજી લખમશી, ભુજપુર રવિન્દ્ર નરશીના સાઢુ. નિતીન, ભરત, ઉષા, જ્યોત્સના નિતા, કેતન, મિનેષ, મોનાના ફુઆ. ધીરેન, બકુલ, જ્યોતી, પ્રીતી, સંજય, શૈલેશ, સમીરના માસા. પ્રભા, જયવંતી, હંસા, હરખચંદ, બકુલ, શાંતી, કુસુમ, નવીન, જીતુ, જ્યોત્સના, જયંત, ચેતન, જ્યોતી, જયા, નિતાના મામા. મુંદરા શાંતીલાલ દામજી કેનીયા, ભુજપુર નરશી હીરજી ભેદા, બગડાના ખીમજી ભારા ચંદ્રુઆના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** ઠે. હસમુખ નાનજી ગાલા, કીષ્ણાઈ સંકુલ, ૧૮૦૪ 'ઈ' વોર્ડ, રાજારામપુરી, ત્રીજી ગલી, કોલ્હાપુર-૪૧૬૦૦૧. હસમુખ ગાલા : ૭૯૭૨૨૪૮૧૬૦.

2/1/1 -------- (1-5)

શ્રી ક.વિ.ઓ.દેરાવાસી જૈન મહાજન - મુંબઈ
શ્રી ઘાટકોપર કચ્છી જૈન શ્વે.મુ.પુ. સંઘ
પર્યુષણ પર્વ આંગી

શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ તીર્થે પર્યુષણ પર્વ દરમ્યાન આંગીની રચના માટે લાભાર્થી પરીવાર આવકાર્ય છે. વહેલો તે પહેલાના ધોરણે મહાજનશ્રીની પેઢી ઉપર કિરણભાઈ પાસે નામ લખાવવા વિનંતી. સંપર્ક : ૨૫૦૧૦૨૨૯. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(3) -------- (❖)(1-5)

ઘાટકોપર-પૂર્વમાં દુકાન ભાડેથી મળશે...

૩૫૦ કારપેટ, ૬૦ ફીટ રોડ, પ્રાઈમ લોકેશન, દુકાન ભાડેથી મળશે. સંપર્ક : આશિત વિસરીયા : 9323384465.

2/1/1(2) -------- (ES-299)(1-5)

વ્યાજબી ભાવે અનાજ, કઠોળ મળશે

શું અત્યારે તમે દરરોજની જીવન જરૂરિયાત અનાજ-કઠોળ લેવા ઘરની બહાર જતા ગભરાવો છો? તો અમે છીએ ને તમને ઘર પહોંચ કરવા. ઉચ્ચ ક્વોલિટીના અનાજ, કઠોળ, હાથે દળાવેલા તાજા લોટ, ડ્રાયફ્રુટ વગેરે તમારે દ્વારે આજે જ ફોન કરો. (મીનીમમ ઓર્ડર રૂા. ૫૦૦/-) મુલુંડથી લઈને લાલબાગ સુધી ફ્રી હોમ ડિલીવરી કરી આપવામાં આવશે. બાકીના એરીયામાં ડિલીવરી માટે અલગથી ચાર્જીસ લેવામાં આવશે. ઓર્ડર આપવા માટે ફોન અથવા વોટ્સએપ માટે સંપર્ક : નિમિત્ત દેઢીયા : ૯૬૧૯૦૯૫૪૩૦.

2/1/1(5) -------- (ES-304)(1-5)

ખબર પત્રિકા સમિતિ

કોરોના - મૃત્યુનું કારણ

કોરોના એ એક બીમારી છે તે કોઇપણ વ્યક્તિને થઇ શકે છે. તે થયુ હોય તો ક્ષોભ ન અનુભવવો. જો કોઇ આપ્તજનનું કોરોનાથી મૃત્યુ થાય તો પત્રિકામાં મરણસાદ આપતી વખતે, મૃત્યુના કારણમાં કોરોનાથી મૃત્યુ લખશો. જેથી અન્ય લોકો સાવચેત બને અને સમાજમાં જાગૃતતા આવે.

લિ. માનદ્ મંત્રીઓ

શ્રી ક.વી .ઓ. જૈન ખબર પત્રિકા સમિતિ

THANKS A LOT

All the Professionals / Panelists / Resource Persons
for your valuable time, expert guidance &
for generously sharing knowledge
with all the participants

Title & Session/s of Workshop's / Webinars		Experts / Panelist	No. of Sessions
01)	Clutter to Clarity Transforming Challenges to Opportunities	**Basesh Gala, Saurav Ghosh, Dr. Nirav Chheda Sushil Mungekar, Dr. Nirmala Almeida, Shama Nabar, Kailash Tulsi Gajara**	(1 Session)
02)	Q & A Regarding Career & Education - Clutter to Clarity Transforming Challenges to Opportunities	**Basesh Gala, Saurav Ghosh, Dr. Nirav Chheda Sushil Mungekar, Shama Nabar**	(1 Session)
03)	Digital Marketing	**Shemaroo Institute of Film & Technology**	(10 Sessions)
04)	E-Commerce	**Beyond Toys & Gifts Disha Ketur Goshar & Keyuri Ketur Goshar**	(3 Sessions)
05)	Advance E-Commerce	**Beyond Toys & Gifts Disha Ketur Goshar & Keyuri Ketur Goshar**	(3 Sessions)
06)	Lakshya (Entrepreneurship Programme)	**Minal Ketan Gada**	(12 Sessions)
07)	French	**Aashni Mamania**	(3 Sessions)
08)	Scratch (Games & Animation)	**Robocode Solutions LLP & RoboFun Lab Mihir Chheda & Ashwin Shah**	(5 Sessions)
09)	Infographics	**Bijal Manish Dedhia**	(1 Session)
10)	App Development (for Kids above 11+ yrs)	**Robocode Solutions LLP & RoboFun Lab Mihir Chheda & Ashwin Shah**	(5 Sessions)
11)	Mandarin	**Riddhi Mahesh Gada**	(3 Sessions)
12)	Financial Literacy	**Indian Financial Literacy Initiative**	(3 Sessions)
13)	Parenting Sessions	**Bhavini J. Shah**	(3 Sessions)
14)	Linkedin	**Jinal Gala, USA**	(1 Session)

Trust has organised above webinars
to inspire & enrich the knowledge of community
during the lockdown period 26-4-2020 to 9-8-2020

All above Webinars are available on our youtube link

youtube.com/MMSDKKF

Please do watch it and enrich your knowledge

LIKE & SUBSCRIBE THE CHANNEL

Shree K.V.O. Sthanakwasi Jain Mahajan - Mumbai

70/80, Dr. Ambedkar Road, Opp. Voltas, Chinchpokli (E),
Mumbai - 400 012. Tel. : 2372 1084 / 2373 4678

sanchalit

Matushri Manibai Shivji Devji Kanya Kelavani Fund

You can Donate towards Education of KVO Daughters and contribute towards their empowerment

Benifciary Name: **MATUSHRI MANIBAI SHIVJI DEVJEE KANYA KELAVANI FUND**
Bank Name: Bank of India | Branch: Lalbaug | A/c No. : 018810110001198 | IFSC no. : BKID0000188

ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્‌ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.

માનપૂર્વક માનાંજલી....આદરપૂર્વક અમરાંજલી...

શ્રી કાંતિલાલ આર. શાહ - બિદડા

(LIC)

અમારા ગ્રુપના મૈત્રીના મહારથી, ઉત્તમ ગુણોના સરતાજ,
જેમના હોવા માત્રથી ગ્રુપમાં ચૈતન્યતા પ્રસરી જતી એવા કાર્યદક્ષ શ્રી કાંતિભાઈ
સહુ સાથે ઉષ્માસભર સંબંધોના આચરણ વડે મધુરતાનો
અનુભવ કરાવી સ્નેહભર્યા સ્મરણો અંકિત કરી ગયા.

પરમ કૃપાળુ પરમાત્મા એમના આત્માને
શાશ્વત શાંતિની પ્રાપ્તિ કરાવે એવી પ્રાર્થના.

વિયોગ થી વ્યાકુળજનો

શામજી ઠોકરશી વોરા
અમરસન્સ (બ્રીચકેન્ડી) - નવીનાર
પ્રફુલ શામજી વોરા
બીપીન શામજી વોરા
ચીરાગ પ્રફુલ વોરા

સ્વ. ડુંગરશી ઠોકરશી વોરા
અમરસન્સ (બાન્દ્રા) - નવીનાર
મનીષ ડુંગરશી વોરા

ધીરજલાલ પ્રેમજી ગાલા
પ્રેમસન્સ (બ્રીચકેન્ડી)
ભરત દામજી ગાલા
સોહીલ ધીરજલાલ ગાલા

RUJUTA AD./ 98213 30432

(E-C312)

અનશનવ્રતધારી સહૃદયી મિત્રનું દેવલોકે પ્રયાણ

કપાયા

માટુંગા

સુશ્રાવક શ્રી ભુમેશભાઈ કુંવરજી સંગોઈ

તા. ૧૦-૮-૨૦૨૦ ના ૨૭મા ઉપવાસે સંથારો સીઝ્યો

સૌમ્યશીલ સ્વભાવ અને મૃદુ વાણી...વિનય - વિવેકથી અલંકૃત...
નાના - મોટા સૌને આદર - માનથી સદ્‌બોધન કરનારા...
વ્યવહાર - પ્રસંગને જાળવનારા...સલાહ - માર્ગદર્શન આપનાર...
પ્રતિષ્ઠિત સ્થાન પ્રાપ્ત કર્યું હોવા છતાંય નમ્ર રહેનારા....

આદરણીય શ્રી ભુમેશભાઈ ના આત્મા પ્રતિ
અંતરભીની આદરાંજલી...

IN SERVICE OF MY MOTHERLAND
TEJUKAYA
ESTD - 1888

Directors and Staff of Tejukaya Group of Companies

પ્રણવ તેજુકાયા　　પરેશ ગડા　　રાજુ રાવલ

(E-C317)

BINITA S. MARU - 9869034162

શ્રી ભાણબાઈ નેણશી મહિલા વિદ્યાલય

હોસ્ટેલ : જુહુ સ્કીમ-વિલેપાર્લા ❑ સંસ્થાની ઓફીસ : ૪, શાંતિનાથ ભવન, ૪૨૭, શ્રધ્ધાનંદ રોડ, માટુંગા-સે.રે.
Website : www.bnmv.education • E-mail : bhanbaikc@gmail.com

શ્રી રવિલાલભાઈ સંગોઈના આશિષ અને નિર્દેશન, સંસ્થાના ચેરમેન **શ્રી જાદવજીભાઈ એંકરવાલા** અને પ્રમુખ **શ્રીમતી જયવંતીબેન એંકરવાલા**ના કાબેલ નેતૃત્વ હેઠળ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓનું સંચાલન સુંદર રીતે થઈ રહ્યું છે.

- જૂન ૨૦૨૦ થી સ્કુલ/કોલેજ દ્વારા લેવાતા ઓનલાઈન ક્લાસ ઉપરાંત હોસ્ટેલના નિમાયેલા એક્ષપર્ટ ટીચર્સના ટ્યુશન હોસ્ટેલના કમ્પ્યુટર સેંટરની મદદથી બહુજ સંતોષપૂર્વક ચાલી રહ્યા છે.
- હોસ્ટેલની બાળાઓ પાસેથી રહેવા, ભોજન-નાસ્તા, સ્કુલ ફી અને કૌશલ્ય વિકાસની પ્રવૃત્તિઓ માટે **કોઈ પણ પ્રકારની ફી લેવામાં આવતી નથી.**
- સંસ્થા દ્વારા ૩૦૦ બાળાઓની ક્ષમતાવાળી અધ્યતન હોસ્ટેલનાં નિર્માણનું કાર્ય પૂરજોશમાં ચાલુ છે.
- વર્ષોથી સંસ્થા દ્વારા ઉચ્ચ અભ્યાસને પ્રોત્સાહિત કરવા હાયર એજ્યુકેશન લોન અપાય છે.
- કોવીડ-૧૯ ના કારણે હાયર એજ્યુકેશન લોનના પ્રવાહમાં આ વરસે ઘણો વધારો કર્યો છે. તદ્ઉપરાંત હવે...
- આ સંજોગોમાં, આપણા સમાજની કોઈપણ બાળા અભ્યાસથી વંચિત ન રહે એ ઉદ્દેશ્યથી અને સંસ્થાના સૂત્રમંત્ર **'ભણધી ધી, ત અચીંધી સમૃધ્ધી'**ને સાકાર કરવા ૧૫ મી ઓગસ્ટ, ૨૦૨૦ થી પ્રારંભ કરવામાં આવશે **વ્યાજમુક્ત શૈક્ષણીક લોન...**

Freedom EduSoft Support

For All K.V.O. Girls

જેના અંતર્ગત...

- ધોરણ ૩ થી ૮ સુધીની બાળાને રૂા. ૧૦,૦૦૦ સુધીની લોન.
- ધોરણ ૯ થી ઉચ્ચ અભ્યાસ કરતી બાળાને રૂા. ૨૫,૦૦૦/- સુધીની લોન.
- લોનની પરત ચૂકવણી ૧ થી ૫ વર્ષમાં, વાલીની અનુકુળતા અને સવલત મુજબ.
- નાણાકીય ભીડ અનુભવી રહેલા જરૂરીયાતમંદ કુટુંબની વિદ્યાર્થીનીઓને એમના ગામ મહાજનના ભલામણપત્રના આધારે ગ્રાન્ટ (અનુદાન)/શિષ્યવૃત્તિ.

વધુ જાણકારી માટે : ધર્મેશભાઈ નાઈક : મો. 98200 79974 • સમીરભાઈ શેઠીયા : મો. 99874 38888

Website : www.bnmv.education | E-mail : bnmvedusoftloan@gmail.com

"પઢેગા ઈન્ડિયા તભી તો બઢેગા ઈન્ડિયા"

(E-B301)

લિ. શ્રી ભાણબાઈ નેણશી મહિલા વિદ્યાલયના ટ્રસ્ટીગણ તથા અધિકારીઓ

છગન છેડા : 9322263819



પ્રથમ પુણ્યતિથિએ
વાત્સલ્યમૂર્તિ વડીલશ્રીને આદરાંજલી

શ્રી વલ્લભજી દેવરાજ વોરા

અરિહંતશરણ : તા. ૧૨.૮.૨૦૧૯

કચ્છ : નવીનાર • મુંબઈ : માટુંગા-સે.રે.

સમગ્ર જીવનમાં સૌ સાથે સ્નેહભર્યા સંબંધો જાળવનારા, સૌને વાત્સલ્યતાનું અમૃતપાન કરાવનારા, સત્કાર્યોમાં તન-મન-ધનથી સમર્પિત રહેનારા, ઝિંદાદિલીથી જીવન ઉજાગર કરનારા, કુટુંબપ્રેમી, પરોપકારી, ધર્માનુરાગી, જીવદયાપ્રેમી પૂજ્ય વડીલશ્રીના આત્મા પ્રતિ નતમસ્તકે શ્રધ્ધા સુમન અર્પણ. વાત્સલ્યહૃદયી વડીલશ્રીનો આત્મા સત્વરે મુક્તિ સાથે મોક્ષપદને પામો એજ પ્રાર્થના.

લિ. આપની અમર સ્મૃતિમાં

ધર્મપત્ની : **કસ્તુરબેન વલ્લભજી દેવરાજ વોરા** ❑ **નવીનાળ**

પુત્ર-પુત્રવધુ	:	કુસુમ દિપક વલ્લભજી વોરા.....નવીનાળ
		છાયા Adv. પિયુષ વલ્લભજી વોરા .....નવીનાળ
પુત્રી-જમાઈ	:	જયશ્રી વિજય પ્રેમજી દેઢિયા.....ભોરારા
		બીના રાજેશ વાલજી નિસર .....વડાલા
પૌત્ર	:	ચિંતન પિયુષ વોરા .....નવીનાળ
		જશ દિપક વોરા .....નવીનાળ
		ગર્વ પિયુષ વોરા.....નવીનાળ
દોહીત્ર-દોહીત્રવધુ	:	એકતા ગુંજન વિજય દેઢિયા .....ભોરારા
દોહીત્ર-દોહીત્રવધુ	:	મેઘા રૂષભ રાજેશ નિસર.....વડાલા
દોહીત્રી-દોહીત્રીવર	:	Adv. મિત્તલ સમીર કિશોર છેડા.....દેઢીઆ
દોહીત્રી	:	સંજના રાજેશ નિસર .....વડાલા
દોહીત્રી પુત્રી	:	ઝીવા ગુંજન દેઢિયા.....ભોરારા
દોહીત્ર પુત્ર	:	પર્વ સમીર છેડા.....દેઢીઆ
ભત્રીજી-ભત્રીજીવર	:	મીરા CA તૃષાર ચુનીલાલ છેડા .....બગડા
ભત્રીજી પુત્ર	:	જિનાંશ તૃષાર છેડા.....બગડા

એવમ્ સમસ્ત પરિવાર

દિપક : મો. 9820112634 • પિયુષ : મો. 9820104868

છગન છેડા : 9322263819

(E-C303)

શ્રી ભુજપુર પાંગળાપોળ
જીવદયા પ્રેમીઓને.. નમ્ર અપીલ

હાલમાં કોરોના મહામારી, લોકડાઉન ના કારણે અમો આપની પાસે રૂબરૂ આવી શકતા નથી એટલે આપને જીવદયા માટે નમ્ર વિનંતી કે...

ભુજપુર પાંગળાપોળમાં ૬૫૦૦ જેટલા અબોલા-મુંગા જીવો આશ્રય લઇ રહ્યા છે, ૧૫૫ વર્ષથી અબોલા જીવોનો નિભાવ જીવદયા પ્રેમીઓના દાનથી થઇ રહ્યો છે.

સંસ્થાનો દરરોજ બે લાખ જેટલો ખર્ચ થાય છે, માટે આપ સૌ જીવદયા પ્રેમીઓ / દાતાશ્રીઓ / જૈન મહાજનો / જૈન સંઘો / મંડળોને અપીલ કરવામાં આવે છે કે આપ અનુદાનની રકમ રૂબરૂ અથવા બેંક અકાઉન્ટમાં જમાં કરાવી શકશો. અમે રસીદ તમોને મોકલી આપશું.

સંપર્ક - નેણશી લખમશી શાહ - ૯૮૬૭૯૮૯૨૯૯
શ્રી ભુજપુર પાંગળાપોળ

મુંબઇ - કોરપોરેશન બેંક, ઘાટકોપર (ઇસ્ટ)
IFSC CODE - CORP0000737
એકાઉન્ટ નંબર : 520101412229483

કચ્છ - દેનાબેંક (ભુજપુર શાખા)
IFSC CODE - BKDN0330354
એકાઉન્ટ નંબર : 035410001219
ફોન નં - (૦૨૮૩૮) ૨૪૦૩૨૦

તા.ક :- મુંબઇ ઘાટકોપર ઓફિસમાં ટેબલ વર્ક લખાણનું કામ કરી અકે તેવા હોશીયાર લેડીઝ (બહેન) જોઇએ છે. ગુજરાતી અને અંગ્રેજી જ્ઞાન હોવું જરૂરી છે. ઘાટકોપર કે તેની આજુબાજુ રહેનારની પ્રથમ પસંદગી.
સં. - નેણશી લખમશી શાહ - ૯૮૬૭૯૮૯૨૯૯

લિ. નેણશી લખમશી શાહ (પ્રમુખ)

(E-B309)

જૂનું સોનું, ચાંદી, હીરા, મોતીના દાગીના કસર કાપ્યા વગર ખરીદશું

સોનું : ૫૬,૩૦૦/- 24K

ચાંદી : ૭૧,૦૦૦/- 1KG

વલ્લભદાસ એન્ડ સન્સ જ્વેલર્સ

શોપ નં. ૬, ઝવેરી બિલ્ડીંગ, ડી.જે. રોડ, રેલ્વે સ્ટેશન નજીક,
વિલેપાર્લે (વે.), મુંબઇ – ૪૦૦ ૦૫૬.

Tel.: 26125520 / 9930644520

(NMD-311)

Our Deepest Condolences

Those we hold closest to our hearts never truly leave us. They live on in the kindness they have shared and the love they brought into our lives.

Mr. KANTILAL R. SHAH (Sat Rasta)

(Expired : 08-08-2020)

With Sympathy

- Life Insurance Corporation of India
- United India Insurance Co. Ltd.
- Bajaj Allianz General Insurance Co. Ltd.
- Future Generali India Insurance Ltd.
- Star Health & Allianz Ins. Ltd.
- ICICI Prudential Life Insurance

RUJUTA AD./ 98213 30432

(E-NMC-302)

મૃત્યુને મહોત્સવ બનાવનારા સ્નેહી સ્વજનને સ્નેહાંજલી

અનશનવ્રતના ૨૭ મા ઉપવાસે તા. ૧૦.૮.૨૦૨૦ ના પરલોકે પ્રયાણ

સદેહે

સમાધિભાવે

શ્રી ભુમેશ ફુંવરજી સંગોઈ

કચ્છ : કપાયા • મુંબઈ : માટુંગા-સે.રે.

પ્રાપ્ત થયેલ મહાન જૈન શાસનમાં જે આસન જમાવે છે તે પોતાના આત્માનું કલ્યાણ કરીને મૃત્યુને મહોત્સવ બનાવે છે.

પ્રાપ્ત થયેલ માનવ દેહ દરમ્યાન નિતિમત્તા - પરોપકાર - કરૂણાભાવ - સત્કાર્યો સાથે ધર્મમય પ્રવૃત્તિઓથી આયુષ્યખંડને ઉજાગર કરનારા અમારા સહૃદયી આત્મીયજન મિલનસાર - સૌમ્યશીલ સ્વભાવી **શ્રી ભુમેશભાઈ**ના અનશનવ્રતરૂપી તપની અંતરભીની અનુમોદના સાથે એમના સ્વર્ગીય આત્મા પ્રતિ આદરવંદના.

લિ. સહૃદયી આત્મીયજન

જયેશ શાંતીલાલ વીરા એવમ્ પરિવાર

(વીરા ફાઉન્ડેશન)

કચ્છ : દેશલપુર-કંઠી

છગન છેડા : 9322263819

સંથારો સીજ્યો

કપાયા માટુંગા

અનશન વ્રતધારી ભુમેશ કુંવરજી સંગોઈ

સમાધિ મરણ: ૧૦-૮-૨૦૨૦

સુખ-દુ:ખમાં પણ જેના મુખ પર સદાય રહેતી હતી સૌમ્યતા,
ધર્મ-વડિલો અને ગુરૂભગવંતો પ્રત્યે દાખવી જેણે નમ્રતા,
પ્રભુ વીરે પ્રરૂપેલા ધર્મના આધારે જાણી જેણે સંસારની અસારતા,
અનશન વ્રત થકી પામી લખ ચૌર્યાસીના ફેરામાંથી મુક્તતા....

સુશ્રાવકશ્રી ભુમેશભાઈ ૨૭ મા ઉપવાસે સમાધિમરણ પામેલ છે.
એમનો દિવ્ય આત્મા શિઘ્રાતિશિઘ્ર મોક્ષ ગતિને પામે એજ
પ્રાર્થના સહ અનુમોદના...

માતુશ્રી ચંચળબેન નેણશી હીરજી દેઢિયા (મોખા)

પ્રતિભા ગિરીશ નેણશી હીરજી દેઢિયા	મોખા	વિહાંગી દિવ્ય પ્રવિણ વોરા	પ્રતાપુર
કુમુદ પ્રવિણ કેશવજી વોરા	પ્રતાપુર	વિધ્ધી જીગર રાજેન્દ્ર દોશી	સાયન
બીના (બંટી) દિપક મોરારજી મામણીયા	રામાણીયા	આયુષી રૂષભ દિપક મામણીયા	રામાણીયા
કેતના ગિરીશ મોરારજી વિસરીયા	રતાડિયા ગ.	નેનશી તેજસ કોમલભાઈ છેડા	બિદડા
જેસિકા મનીષ ગિરીશ દેઢિયા	મોખા	પરશી ગિરીશ વિસરીયા	રતાડિયા ગ.
મોનીક ગિરીશ દેઢિયા	મોખા	ધ્રુવ હિતેન ગડા	નાના ભાડિયા
જીનલ કુશલ શાંતિલાલ છેડા	રતાડિયા ગ.	આયુષ, જિનાંશ, યુવાન, હ્રિદ્વી	

Red & Yellow - 9870155993

કર્મ સામે રણશુરા થનાર ભુમેશભાઈને અંતરથી અનુમોદના

સુશ્રાવકશ્રી ભુમેશ કુંવરજી સંગોઈ (કપાયા)

સમાધિ મરણ - ૧૦-૮-૨૦૨૦

પરિવાર વંદન કરે કોટિ-કોટિ, ખોટ પડી પરિવારે મોટી...
વેદનીય કર્મનો થયો ઉદય, ધરી સમતા રાખી હૃદય...
મોંઘો મળ્યો માનવ મનખો, વિતરાગ ભાવે પ્રયાણ અનોખો...
એક ઝટકે સઘળું જ છોડયું, મોહથી મુખ જ મોડયું...
ઉગ્ર તપે દેહ અલંકૃત, સમતા સંગે મન પુલકિત...
ગમન થયું ઉર્ધ્વ ગામી, મૃત્યુનો મહોત્સવ બનાવી...

દીના વિરેશ કુંવરજી સંગોઈ (કપાયા) • જશવંતી કલ્યાણજી નાનજી ગાલા (પ્રતાપુર)
લક્ષ્મી હીરજી શામજી સાવલા (વડાલા) • ચંદન કાંતિલાલ મોરારજી શાહ (રામાણીયા)
સ્વ. બેલા કુંવરજી રામજી સંગોઈ (કપાયા)

નેહલ પ્રશાંત, બીજલ નીરલ, ટવિંકલ ડૉ.જીગ્નેશ, ડૉ. ભાવિની ડૉ.અજય,
હિતેન - સોનલ, કોમલ રોહિત, મયંક - મનીષા, રચના કલ્પેશ, ભાવિની રાજા

બાળગોપાલ : વિશ્વ - રાજવી, ડૉ.હર્ષ, માનસી, ધ્રુવ, આરવ, આંગી, રાશી,
વેદાંત, રાજ, જીનય, નિર્વાણ, રૂહાંશ, સાંચી ના કોટિ કોટિ વંદન...

Red & Yellow - 9870155993

વ્યવહારમાં વેવાઈ સંબંધોમાં
સ્નેહના સોદાગર એવા રમણીકભાઈને સ્મરણાંજલિ

શ્રી રમણીક ધનજી વીરા

કચ્છ : ભુજપુર • મુંબઈ : સાયન

છોડી અમ સંગાથ, વસ્યા પ્રભુને સાથ,
વસમી વિદાય તમારી, ભીંજવતી આંખોની કિનારી,
સ્મૃતિ તમારી હૃદય નો બનશે ધબકાર,
વ્હાલા વેવાઈ રમણીકભાઈની સદાય આવશે યાદ....
દિવ્ય આત્મા શાશ્વત સુખ અને મોક્ષધામી બને એવી પ્રાંજલ પ્રાર્થના.

આપની સ્મૃતિમાં શ્રધ્ધાસુમન અર્પણ કરતા...

હેમલતા અશોક જીવરાજ છેડા (મોખા - પાર્લા વેસ્ટ)
કાંતિલાલ ભાઈલાલ મેઘજી ગોગરી (કોડાય - વડોદરા)
જીમી કેયુર કાંતિલાલ ગોગરી (કોડાય - USA)

(E-C313)

NEEL PARI - 9322299742

અમારા પૂર્વજ વડીલ એવા દેન બાપા ના જ એક વંશજ

અનશનવ્રતધારી શ્રી ભૂમેશભાઈ સંગોઈની
સમસ્ત ઘોઘાઈ પરિવાર તરફથી ભાવાંજલિ

અનશનવ્રતધારી
શ્રી ભુમેશભાઈ કુંવરજી સંગોઈ

(કચ્છ) કપાયા • (મુંબઈ) માટુંગા

કર્મનિર્જરાનો મહાજંગ ૨૭ દિવસ
મોક્ષગમન : સોમવાર, તા.૧૦-૮-૨૦

કુળદેવી શ્રી સચ્ચામાતાજીનાં પરમ ભકત, આજીવન સેવા કાર્યમાં અગ્રેસર, સરળ સ્વભાવી, હસમુખા એવા શ્રી ભુમેશભાઈ એ અશાતા વેદનીય કર્મના ઉદયથી આવેલ આપત્તિને પણ અવસરમાં પલટાવી દીધી. દુર ક્ષિતીજે મૃત્યુને પણ નિહાળી પોતાના જીવનનનું અંતિમ લક્ષ્ય પણ સિધ્ધ કરવા સજ્જ થઈ ભલભલા શ્રમણ ભગવંતોને પણ દુર્લભ એવા અનશનવ્રતની આરાધના કરી મોક્ષગતિના માર્ગે નીકળી પડયા. જીવ્યા પણ શાનથી અને મૃત્યુને પણ મહા મહોત્સવ બનાવી ગયા. ધન્ય એ આત્માને...

આપ શીઘ્ર ઉચ્ચ ગતિ પ્રાપ્ત કરો એવી પરમાત્માને પ્રાર્થના.

(E-C314)

માતુશ્રી જવેરબેન વેલજી મોણશી પરિવાર (સંગોઈકા)
માતુશ્રી મણીબેન મોરારજી હંસરાજ પરિવાર (આનંદ)
માતુશ્રી મોંઘીબાઈ લાલજી કેશવજી પરિવાર (સંગીત)
હ.જીતેશ સંગોઈ કપાયાવાળાના જયજિનેન્દ્ર

NEEL PARI - 9322299742

અનશનવ્રતધારી વ્હાલા વેવાઈને શ્રદ્ધાંજલી

અમારા દિલોજાન મિત્ર અને વેવાઈ

શ્રી ભુમેશભાઈ કુંવરજી સંગોઈ

(કપાયા – માટુંગા)

તા. ૧૦-૮-૨૦૨૦ ના ૨૭મા ઉપવાસે સંથારો સીઝ્યો

પગલે પગલે સદ્‌ગુણોના દીપ જલે એવું
અણમોલ અનશનવ્રત આદરનાર
આપે વિચાર, વાણી અને વહેવારમાં સૌ પ્રત્યે
સ્નેહ, સદ્‌ભાવ અને કરૂણાની સરવાણી વહેવડાવી...
પરિવાર પ્રેમ જ આપની ખરી પુંજી હતી,
આત્મ કલ્યાણાર્થે આપે આદરેલ
અનશનવ્રતની પૂર્ણતાએ અર્પીએ શ્રધ્ધાસુમન.

મૃત્યુને પણ મહોત્સવ બનાવનાર
પુણ્યશાળી વિરલ વિભુતિ
શ્રી ભુમેશભાઈનો
આત્મા દિવ્ય ગતિને પામે
એ જ અમારી પ્રાર્થના...

: લિ. :

ચંચલ દિનેશ લખમશી ગાલા (શેરડી)
હિરાવંતી હંસરાજ લખમશી ગાલા (શેરડી)
રીના રોહન પ્રફુલ્લ નાગડા (કોટડી)
રેશી વિરલ હંસરાજ ગાલા (શેરડી)
રીના પિયુષ હંસરાજ ગાલા (શેરડી)

(E-C316)

BINITA S. MARU - 9869034162

વાત્સલ્યહૃદયી પ્રેમાળ માતા-પિતાને શ્રદ્ધાંજલી

(ભુજપુર - લાલબાગ)

અમને આજ તમારી યાદ આવી,
ઉપકાર તમારા યાદ આવ્યા...
આંખ અમારી છલકાઈ,
સંસ્કાર તમારા યાદ આવ્યા,
વાત્સલ્ય તમારું યાદ આવ્યું,
વ્હાલપ એ તમારી યાદ આવી
ગોદ તમારી યાદ આવી,
સહવાસ તમારા યાદ આવ્યા,
રહેતા જે હાથ અમ શીશ ઉપર,
આશિષ તમારા યાદ આવ્યા,
અમને તો તમારી પ્રિત મળી,
જીવનની સઘળી રીત મળી,
શીખ તમારી યાદ આવી,
વેણ તમારા યાદ આવ્યા,
જીવનમાં અમને સુખ મળ્યું,
એ તમ આશિષનું ફળ મળ્યું,
કરુણા તમારી યાદ આવી,
સદ્‌ભાવ તમારા યાદ આવ્યા,
નમતા રહેશે અમ શીશ સદા,
નિરખીને છબી તમારી...

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ

માતુશ્રી નેણબાઈ નાનજી દેઢિયા

(જીવનયાત્રા : તા. ૧-૫-૧૯૪૨ થી તા. ૧૨-૮-૨૦૧૯)

છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિ

પિતાશ્રી નાનજી ગોસર દેઢિયા

(જીવનયાત્રા : તા. ૧૨-૮-૧૯૩૫ થી તા. ૧૮-૮-૨૦૧૪)

મમતા તમારી યાદ આવી, માવિત્ર તમે બહુ યાદ આવ્યા...

પુત્ર-પુત્રવધુ : હેમાંગી મનોજ નાનજી ગોસર દેઢિયા

દીકરી : મધુબાળા દેઢિયા ■ પૌત્રીઓ : CA ફોરમ અને મૈત્રી

(E-C305)

માતુશ્રી લાછબાઈ/નાંગઈબાઈ ગોસર ખેતશી દેઢિયા (ભુજપુર) • માતુશ્રી ગંગાબાઈ મુરજી આસમલ ગડા (ત્રગડી-સંભવપુર)

BINITA S. MARU - 9869034162

પ્રેમના પરિમલમૂર્તિ, માનવતાની જ્યોત, ધર્મભાવના રાખનાર...
કુળદેવી સચ્ચામાના પરમ ભક્ત અમારા આત્મીય સ્નેહી મિત્ર

૨૭ દિવસના અનશનવ્રતધારી ને માનાંજલિ

(કચ્છ) કપાયા

(મુંબઈ) માટુંગા

અનશનવ્રતધારી શ્રી ભુમેશભાઈ કુંવરજી સંગોઈ

મોક્ષપ્રયાણ : સોમવાર, તા.૧૦-૮-૨૦

આશા અરમાનોને ત્યજી જાણ્યો સંસાર અસાર,
'સ્વ' થી 'પરમ' ની અનંતયાત્રા તમારી અપાર.
આપ માનવભવનું ઉત્તમ ખોળીયુ પામ્યા હતા.
લક્ષ ચોરાસીના પરીભ્રમણમાંથી છુટવાની મહાન સાધના આપે પૂર્ણ કરી પરમાત્મા આપના આત્માને પરમ શાંતિ આપી શીઘ્રાતી શીઘ્ર પંચમગતિમાં સ્થાન આપે એજ અમારી પ્રાંજલ પ્રાર્થના.

શ્રી માવજી મોરારજી દેઢિયા
શ્રી કલ્યાણજી મોરારજી દેઢિયા
શ્રી ધનજી ખેતશી ધેડા સરપંચ (કપાયા)
શ્રી આદરેમન ગુલામ હુસૈન ખલીફા
ડૉ. એમ.આર.ઝાલા
શ્રી જયંતિભાઈ જેઠાલાલ મામણીયા (કપાયા)

(E-C315)

NEEL PARI - 9322299742

શ્રી ભુજપુર ક.વિ.ઓ. જૈન મહાજન

વર્તમાન સમય એટલે પાછલા ઘણા દસકાઓમા આપણે જોયેલો વિકટ સમય. કોરોના મહામારીના કારણે પ્રજાની પરિસ્થિતી આર્થિક રીતે ખૂબ જ વિષમ થઇ ગઇ છે. આવી પડેલા આ સંકટનો દરેક વ્યક્તિ પોતપતાની રીતે સામનો કરી રહ્યા છે. આપણા ગામના ક.વિ.ઓ. પરિવારજનોને પણ આ પરિસ્થિતીમાં આર્થિક તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. આ સ્થિતીમાં ગામના ક.વિ.ઓ. પરિવારજનોને આર્થિક સહયોગ આપી તેમની પડખે ઉભા રહેવાનું વિરલ કાર્ય જે **શ્રી ભુજપુર સેવા સમાજ** દ્વારા થઈ રહ્યું છે તેની **શ્રી ભુજપુર ક.વિ.ઓ. જૈન મહાજન** ભુરી ભુરી અનુમોદના કરે છે. શિક્ષણ ક્ષેત્ર હોય, મેડીકલ ક્ષેત્ર હોય, આવાસ ક્ષેત્ર હોય કે આર્થિક સહાય હોય, **શ્રી ભુજપુર સેવા સમાજ** ખુબ પ્રશંસનીય કાર્ય કરી રહ્યું છે. કોઈ પણ જાતના સ્વાર્થ વગર અને કોઇની પણ પ્રશંસાની ઈચ્છા રાખ્યા વગર થઈ રહેલા આ કાર્યને પીઠબળ આપવાની આપણા સહુની નૈતિક ફરજ છે. ભુજપુર ગામના શ્રેષ્ઠીઓ, ભુજપુર ગામની વિવિધ સંસ્થાઓ અને અન્ય સુકૃત પ્રેમી ગામવાસીઓને આ કાર્યમાં **શ્રી ભુજપુર સેવા સમાજ** ને યોગ્ય સાથ સહકાર આપવાની **શ્રી ભુજપુર ક.વિ.ઓ. જૈન મહાજન** નમ્ર વિનંતી કરે છે. માનવ સેવાના આ ઉત્તમ કાર્યમાં સ્વબળ અને સ્વ સમયનો સદુપયોગ કરવા બદલ **શ્રી ભુજપુર સેવા સમાજ**ના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓને હાર્દિક અભિનંદન. આપનું કાર્ય વેગવંતુ બને એ જ હાર્દિક શુભેચ્છા.

લિ. શ્રી ભુજપુર ક.વિ.ઓ. જૈન મહાજન - ટ્રસ્ટીઓ.

(E-B321)

પ્રેરણાદાયી પથદર્શક ને પુણ્યાંજલી...



લાગણી ના વહેતા, જ્યાં ઝરણાં હતા,
આજે તો ત્યાં ફક્ત એના લિસોટા રહી ગયા છે.

ફૂલ સમાન હૃદય પર જ્યાં પડતા પ્રેમ ની ઝાકળ ના ટીપા હતા.
આજે તો ત્યાં ફક્ત એના ડાઘ જ રહી ગયા છે.

અમે જેને સમજતા એક અતૂટ સંબંધ હતા,
એ તો ફક્ત એક યાદ બની ને રહી ગયા છે.

શ્રી કાંતિલાલ આર. શાહ (બિદડા)

(LIC)

પોતાની આગવી સુઝબુઝ અને કુશળતા થી સાચી સલાહ આપી નિઃસ્વાર્થ ભાવે
સહુના જીવનને ઉત્કર્ષ માર્ગે લાવનાર શ્રી કાંતિભાઈ ને શત શત નમન...!

કર્મ ન્યાયે તેમનો આત્મા શીઘ્રાતી શીઘ્ર ઉચ્ચ ગતિ પામે એવી અભ્યર્થના.

(E-C318)

લિ.શોકાતુર

મારૂ ટાઈમ	ઓક્યુલર	સ્કાયલાર્ક	હેમંત રાંભીયા (જવાહર ડીસ્ટ્રીબ્યુટર્સ)
એન્કરવાલા પરિવાર	લક્કી બેગ	વલ્લભજી માલશી	જયંતીલાલ દલવાડી
જીવનદીપ પ્રકાશન	કુંવરજી ખીમરાજ	અંતરા જ્વેલર્સ	રજની ફોલ
નવનીત પ્રકાશન	હંસરાજ ખીમરાજ	પ્રગતી પ્રકાશન	સાત રસ્તા બજાર
ચેતના પબ્લીકેશન	જસ્ટ ઈન ટાઈમ	પેરી એન્ડ કંપની	પુષ્પમ જ્વેલર્સ
પ્રીન્સ પ્લાસટીક	વીરા ટેક્સટાઈલ્સ	પોપ્યુલર ફાર્મસી	વિજપાર વીરજી
બ્રીચકેન્ડી સ્ટોર	રમેશ સાવલા (બકારું)	પોપટલાલ ભારમલ	અશોક બ્રધર્સ (લાલબાગ)
રૂપસન્સ	અમૃતલાલ નંદુ (જોકીમ પેટ્રોલ પંપ)	દુર્ગા ટેક્સટાઈલ્સ	પિયુષ દેઢિયા
સ્ટુડંટ એજન્સી	વિજય ગ્રુપ (મેરાવા-માટુંગા)	સચીરા ક્રિયેશન	રાજેશ સાવલા
ન્યુલીથ ગ્રાફીક	નેમજી વીરજી ગાલા (સાડાઉ)	જસ ક્રિયેશન	

RUJUTA AD./ 98213 30432

બાહોશ વ્યવસાયિક ને વ્હાલાંજલી...

જીવન આપનું પ્રેરણાવંત,
નિઃસ્વાર્થ ભાવે સેવાવંત,
વ્યવસાયે અમારા માર્ગદર્શક,
સદ્‌ગુણો વડે પારદર્શક,
ગુણ વૈભવથી ગરિમાવંત,
પરમ વાત્સલ્યથી ઉચ્ચતમ...

શ્રી કાંતિલાલ આર. શાહ (બિદડા)

(LIC)

હૈયે તેવું હોઠે જેવી પારદર્શક - નિખાલસ પ્રકૃતિ, મનના માયાળુ, હૈયાના હેતાળ
અને હૃદયના ઋજુ, સહુ પર સ્નેહ વરસાવતા કાંતિભાઈની વિદાયથી સહુ શોકાતુર છીએ.

આપનો દિવ્ય આત્મા જ્યાં પણ હોય ત્યાં પરમ શાંતિપદને પામી શીઘ્ર મોક્ષગામી બને એજ ભાવપૂર્વક શ્રધ્ધાંજલી

(E-C319)

લિ.શોકાતુર

રતનશી મસકાઈ	જયંતીલાલ રીટા	સુરેશ ડેરી ફાર્મ	સિધ્ધાર્થ એન્ટરપ્રાઈઝ
સીટી મોડ	હસમુખ છેડા (Chheda Colour Lab)	ડેફોડીલ્સ	ચંપકભાઈ છેડા
ઓડીયો પ્લાસ્ટ	જનતા ફુડ	ખીમજી એલ. શાહ	જીનેશ ટેક્સટાઈલ્સ
સ્ટીલ કોર્પોરેશન	જયંતિલાલ વિસરીયા	મહાવીર લેડીઝ વેર	હાઈફેશન
કીરીટ ગાલા	જ્યોતિ કેટરર્સ	સન વે લેધર	લક્ષ્મીદાસ ભાનુશાલી
તારદેવ એમ્પોરીયમ	હરખચંદ વોરા	પ્રવિણચંન્દ્ર અજાણી	મૈસુર પ્લાય - પરેશભાઈ
કેસંટ સ્ટીલ	રાજેશ વોરા	કિશોર નંદુ (વિનય ઈલેક્ટ્રીક)	કુમાર ટોયઝ કોર્પોરેશન
મનસુખ ભેદા	હીરજી ગગુ એન્ડ કંપની	મામણીયા ટેક્સટાઈલ્સ	પારલા બુક સેન્ટર
જનતા સ્ટોર	શીરાજ વાઈન્સ	સુનીલ સાવલા (બાન્દ્રા)	વિનોદ કલ્યાણજી ભગત
મલાડ ટીંબર માર્ટ	સહસ્ત્ર કીરણ	હેમેન્દ્ર સતીયા	શા દેવચંદ એન્ડ કંપની
અટોર ફાર્માસ્ટુટીકલ	પોપ્યુલર સીગારેટ	મહાવીર ટ્રાવેલ	ભાવેશ એન્ડ કંપની

RUJUTA AD./ 98213 30432

ઝિંદાદિલ મિત્ર, સદાય હસતા અને હસાવતા
અનશનના આરાધક, સંથારાના સાધક
પરમ મિત્ર શ્રી ભુમેશભાઈને મૈત્રાંજલિ

અનશન વ્રત છે જૈન શાસનની શાન, અનશન વ્રત છે કર્મનિર્જરાનું સ્થાન,
અનશન વ્રતથી મળે છે મોક્ષનિધાન અનશન વ્રત છે તપમાં સહુથી પ્રધાન

અનશનવ્રતધારી શ્રી ભુમેશભાઈ કુંવરજી સંગોઈ

કચ્છ - કપાયા ● મુંબઈ - માટુંગા

માનવ થી મહામાનવ બની મોક્ષ માર્ગે પ્રયાણ સોમવાર, તા. ૧૦-૮-૨૦

“મિત્ર કોને કહેવાય”
“જેને મનનો ભાર આપી હળવું થઈ જવાય”
આપણા સાદનો જે તુરંત પ્રતિસાદ આપે
“ફકત એક કોલ કરીએ ને આવી જાય”

એવા અમારા “હસમુખા” મિત્ર ભુમેશભાઈ શ્રાવકના
ત્રીજા મનોરથની આરાધના કરતા સિદ્ધગતિ તરફ પ્રયાણ કરેલ છે.
આપશ્રીનો આત્મા શીઘ્રતા શીઘ્ર પરમ પદ પામે એજ અભ્યર્થનાના ચાહક

આપના વ્હાલા મિત્ર પરિવાર
નૂતન કમલેશ મગનલાલ દેઢિયા (કપાયા-દાદર)
હીના પ્રવીણ દામજી ભેદા (કપાયા-દાદર)
મીના કમલેશ કાનજી સંગોઈ (કપાયા-ઠાકુરદ્વાર)

(E-C323)

NEEL PARI - 9322299742

કપાયાના "કર્મઠ" માનવી
શ્રી ભુમેશભાઈને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

મૃત્યુનો ભય નહીં પરંતુ ભાન અવશ્ય હોવું જોઈએ.
મૃત્યુને ટાળી ન શકાય પંરતુ સુધારી અવશ્ય શકાય.
અનશનવ્રત કરી મૃત્યુને "મહોત્સવ" બનાવી ગયા



કર્મનિર્જરાનો મહાજંગ
૨૭ દિવસ
મોક્ષગમન
સોમવાર, તા.૧૦-૮-૨૦

કચ્છ કપાયા

મુંબઈ માટુંગા

અનશનવ્રતધારી શ્રી ભુમેશભાઇ કુંવરજી સંગોઇ

કપાયાની દરેક પ્રવૃતિઓ માટે કેટલાંય વર્ષોથી
નિ:સ્પૃહી સેવા આપનાર,
શ્રી કપાયા જૈન યુવક મંડળ-મુંબઈના
પ્રમુખ પદે ૧૨ વર્ષ સેવા આપનાર
એવા "કર્મઠ" માનવી ભુમેશભાઈ
આપશ્રીનો આત્મા વહેલામાં વહેલી તકે પરમ પદ પામે એ જ પ્રાર્થના.

(E-B322)

લિ.કપાયાની સર્વે સંસ્થાઓ

શ્રી કપાયા જૈન મહાજન
શ્રી કપાયા જૈન સેવા સમાજ
શ્રી કપાયા જૈન યુવક મંડળ-મુંબઈ
શ્રી આઠ કોટી મોટી પક્ષ સ્થાનકવાસી સંઘ
શ્રી આઠ કોટી નાની પક્ષ સ્થાનકવાસી સંઘ
શ્રી કપાયા સખી વૃંદ

NEEL PARI - 9322299742

કચ્છ : કપાયા | તપસ્વી આત્માનું ૨૭ માં ઉપવાસે મોક્ષ માર્ગે પ્રયાણ | ગુણાનુવાદ સભા રાખેલ નથી | મુંબઈ : માટુંગા

અનશનવ્રતધારી સુશ્રાવક ભુમેશ કુંવરજી રામજી સંગોઈ - ઉ.વ.૬૨

પરોપકારી, ધર્મપ્રેમી, સદાય સહાયરૂપ થનારા, સેવાભાવી, હસમુખા ભુમેશભાઈ આપ માનવભવનું ઉત્તમ ખોળીયુ પામ્યા. મક્કમ મનોબળ સાથે **શ્રાવકના ત્રીજા મનોરથ**ને પૂર્ણ કરવા આ લક્ષ ચોરાસીના પરીભ્રમણમાંથી છુટવાની મહાન સાધના આરાધના આપે કરી **આપને કોટી કોટી વંદન.**

દાદી-દાદા	: માતુશ્રી રાણીમા રામજી ગગુ સંગોઈ	કપાયા
માતા-પિતા	: માતુશ્રી હીરબાઈ કુંવરજી રામજી સંગોઈ	કપાયા
મોટા સાસુ-સસરા	: માતુશ્રી કુંવરબાઈ હીરજી વેરશી દેઢિયા	મોખા
સાસુ-સસરા	: માતુશ્રી ચંચળબેન (મુલબાઈ) નેણશી હીરજી દેઢિયા	મોખા
નાની-નાના	: માતુશ્રી ચોથીબાઈ નાગશી ઘેલા વીરા	પ્રાગપુર
નાનાઈ સાસુ-સસરા	: માતુશ્રી ઉમરબાઈ નેણશી દેરાજ છેડા	કુંદરોડી
	માતુશ્રી ઉમરબાઈ ભવાનજી નેણશી છેડા	કુંદરોડી
જીવનસંગીની	: શ્રીમતી વીણાબેન ભુમેશ કુંવરજી સંગોઈ	કપાયા

પુત્ર-પુત્રવધુ

જેશી મેકીન ભુમેશ સંગોઈ	કપાયા-Arizona-U.S.A.
હિરલ પિંકેશ ભુમેશ સંગોઈ	કપાયા

પૌત્રી

ધીરા મેકીન ભુમેશ સંગોઈ	કપાયા-Arizona-U.S.A.
કીશા મેકીન ભુમેશ સંગોઈ	કપાયા-Arizona-U.S.A.
બડી સંગોઈ	Our lovely Pet

ભાઈ-ભાભી

દિનાબેન વિરેશ કુંવરજી સંગોઈ	કપાયા

બેન-બનેવી

જશવંતીબેન કલ્યાણજી નાનજી ગાલા	પ્રતાપર
લક્ષ્મીબેન હીરજી શામજી સાવલા	વડાલા
ચંદનબેન કાંતિલાલ મોરારજી મામણીયા	રામાણીયા
બેલા કુંવરજી રામજી સંગોઈ	કપાયા

બેન તુલ્ય

ગીતા કાટકર	મુંબઈ

ભત્રીજી-ભત્રીજી વર

નેહલ પ્રશાંત પંકજ સંગોઈ	મોટી ખાખર
બીજલ નિરલ શાંતિલાલ વિસરીયા	બાડા
ટવીંકલ જીગ્નેશ ઉલ્લાસભાઈ મેપાણી	પરજાઉ

ભાણેજ-ભાણેજ વહુ

સોનલ હિતેન કલ્યાણજી ગાલા	પ્રતાપર
મનીષા મયંક હીરજી સાવલા	વડાલા

ભાણેજી-ભાણેજી વર

ડૉ.ભાવિની ડૉ.અજય કિરીટ મુખત્યાર	અંધેરી
કોમલ રોહિત દેવચંદ ગાલા	દેશલપુર
રચના કલ્પેશ શાંતિલાલ મારૂ	ડેપા
ભાવિની રાજેશ (રાજા) મુકેશ સાવલા	રામાણીયા

પરિવારના લાડકવાયા

રાશી, જીનય, વેદાંત, નિર્વાણ, રૂહાંસ, વિશ્વ, રાજવી, ડૉ.હર્ષ, માનસી, આંગી, સાંચી, આરવ, ધ્રુવ, રાજ

કાકા-કાકી

માતુશ્રી પુરબાઈ શીવજી રામજી સંગોઈ	કપાયા

કાકાઈ ભાઈ-ભાભી

હેમલત્તાબેન દિલીપ શીવજી સંગોઈ	કપાયા

કાકાઈ બેન-બનેવી

વેલબાઈ રતિલાલ માવજી ગોગરી	સાડાઉ
ઉર્મિલાબેન છગન પોપટલાલ દેઢિયા	કુંદરોડી
મંજુલાબેન શાંતિલાલ માલશી ગાલા	વડાલા

સાળા-સાળાવેલી

પ્રતિભાબેન ગિરીશ નેણશી દેઢિયા	મોખા

સાળી-સાઢુભાઈ

કુમુદબેન પ્રવીણ કેશવજી વોરા	પ્રતાપર
બીનાબેન(બન્ટી) દિપક મોરારજી મામણીયા	રામાણીયા
કેતનાબેન ગિરીશ મોરારજી વિસરીયા રતાડીયા (ગણેશ)	

સાળા પુત્ર-પુત્રવધુ

જેસીકા મનીષ ગિરીશ દેઢિયા	મોખા
મોનીક ગિરીશ નેણશી દેઢિયા	મોખા

સાળીના પુત્ર-પુત્રવધુ

વિહાંગી દિવ્ય પ્રવીણ વોરા	પ્રતાપર
આયુષી રૂષભ દિપક મામણીયા	રામાણીયા

સાળી પુત્રી-જમાઈ

જીનલ કુશલ શાંતિલાલ છેડા	રતાડીયા (ગણેશ)
વિધ્ધિ જીગર રાજેન્દ્ર દોશી	સાયન
નેન્શી તેજશ કોમલ છેડા	બિદડા
પરશી ગિરીશ વિસરીયા	રતાડીયા (ગણેશ)

ભાવિ જમાઈ

ધ્રુવ હિતેન ગડા	નાના ભાડીયા

પરિવારના લાડકવાયા

આયુષ, જીનાંશ, યુવાન, હિદ્વી

કાકાઈ સાસુ-સસરા

મણીબેન હંસરાજ હીરજી દેઢિયા	મોખા
સુશીલાબેન કેશવજી હીરજી દેઢિયા	મોખા
જેઠાલાલ વીરજી વીરા	કોડાય

ફઈબાઈ સાસુ-સસરા

માતુશ્રી ઝવેરબેન ધનજી રામજી કેનીયા	બારોઈ
કેશરબેન ગાંગજી રતનશી ગાલા	કપાયા

મામાઈ સાસુ-સસરા

અમૃતબેન ગોવિંદજી નેણશી છેડા	કુંદરોડી
જેવંતીબેન ચીમન ભવાનજી છેડા	કુંદરોડી
ભારતીબેન વસંત ભવાનજી છેડા	કુંદરોડી
કલ્પનાબેન ચંદ્રકાંત ભવાનજી છેડા	કુંદરોડી
અરવિંદ ભવાનજી છેડા	કુંદરોડી

માસીયાઈ સાસુ-સસરા

માતુશ્રી હેમકુંવરબેન પ્રેમજી ખીંશી ગાલા	છસરા
કંચનબેન કાંતિલાલ મઠુ ધરોડ	વડાલા
માતુશ્રી જખ્ખીબેન કેશવજી નાનજી શેઠિયા	લાખાપર
માતુશ્રી ચેતના દિલીપ રતનસી સંગોઈ	કપાયા

વેવાણ-વેવાઈ

અસ્યામા જોસપાલ થરાટલ	કેરલા-ટ્રીસુર
ચંચળબેન દિનેશભાઈ લખમશી ગાલા	શેરડી

મિત્રગણ

મીના કમલેશ સંગોઈ	કપાયા
હીના પ્રવીણ ભેદા	કપાયા
નુતન કમલેશ દેઢિયા	કપાયા

મિત્રગણ બાગબાન

કેતકી ગુંજન કમલેશ દેઢિયા	કપાયા-LA-USA
મોનલ ભાવેશ ગડા	રાયણ
સાગર પ્રવીણ ભેદા	કપાયા

પરમ સ્નેહી

કુસુમબેન અને ડૉ.જયંતિલાલ સાવલા	Arizona-USA
ડૉ.અભય પારેખ	માટુંગા
ડૉ.હર્ષ હિતેન ગાલા	પ્રતાપર
રોહિતભાઈ વલ્લભજી ગડા	બાડા
શ્રી સમસ્ત કપાયા ગામવાસીઓ અને નિયાણી બહેનો	
શ્રી કપાયા આઠ કોટી નાની પક્ષ સંઘ	
શ્રી કપાયા આઠ કોટી મોટી પક્ષ સંઘ	
શ્રી કપાયા જૈન સેવા સમાજ	
શ્રી કપાયા જૈન મહાજન	
શ્રી કપાયા જૈન યુવક મંડળ-મુંબઈ	
શ્રી કપાયા સખી વૃંદ	
શ્રી સચ્ચામાતા સંગોઈ ભાવિક સંઘ	સમાઘોઘા
શ્રી રામાપીર સત્સંગ મંડળ	ડોંબિવલી
વુડલેન્ડ નુકના રહેવાસીઓ	માટુંગા (ઈસ્ટ)
પવન વિહારના રહેવાસીઓ	માટુંગા (ઈસ્ટ)
રામદીપ ડ્રેસીસ સ્ટાફ	દાદર (વેસ્ટ)
ભુમી પ્લાઝા ગારમેન્ટ ઈન્ડસ્ટ્રી	દાદર (વેસ્ટ)
હિંદરાજસ્થાન ગારમેન્ટ એસોસીએશન	દાદર (ઈસ્ટ)

વર્તમાન પરિસ્થિતિને અનુસરી ગુણાનુવાદ સભા રાખેલ નથી

સદ્‌ગત આત્માની શાંતિ અર્થે બાર નવકાર ગણવા. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.
ઉપરોકત સંબંધીઓના નામમાં કોઈનું નામ રહી ગયું હોય કે ભૂલચૂક થઈ હોય તો મિચ્છામી દુક્કડમ્

નિવાસ : વીણા ભુમેશ સંગોઈ
પ્લોટ નં.૪૫૭, ૫ મે માળે, વુડલેન્ડ નુંક,
ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.), મું - ૧૯

વીણા ભુમેશ સંગોઈ - 9867746165, મેકિન ભુમેશ સંગોઈ - +14803296195+9619133313, પિંકેશ ભુમેશ સંગોઈ - 9833695954 + 9820030704
જેસી - +1 (480) 3292238, હિરલ - 9820464888

Vrooom NEXT GENERATION WEAR
(E-A328)
RAMDIIP DRESSES
૨૧૦-બી, ભુમીપ્લાઝા, ગારમેન્ટ ઝોન, સેનાપતી બાપટ માર્ગ, તુલસી પાઈપ રોડ, દાદર (વે) , મું - ૨૮
MAMA'S BOY
NEEL PARI - 9322299742

શ્રીમદ્ રાજચંદ્ર મિશન
ધરમપુર



ONLINE

પર્યુષણ

મહાપર્વ ૨૦૨૦

પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈના
પાવન સાન્નિધ્યમાં

૧૫ ઑગસ્ટ - ૨૨ ઑગસ્ટ ૨૦૨૦

સવારે

૧૫ - ૨૧ ઑગસ્ટ ૭:૪૫ થી ૯:૪૫	• સ્નાત્રપૂજા • પ્રવચન શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

સાંજે

૧૫ - ૨૧ ઑગસ્ટ ૭:૪૫ થી ૧૦:૧૫	• ભાવ પ્રતિક્રમણ • પ્રવચન શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત
સવારે ૧૯ ઑગસ્ટ ૭:૪૫ થી ૧૦:૪૫	ભગવાન મહાવીરના જન્મકલ્યાણકની દિવ્ય આરાધના
૨૨ ઑગસ્ટ ૧૦:૦૦ થી ૧૨:૦૦	**સંવત્સરી** પ્રવચન શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત
3:૦૦ થી ૬:૦૦	ભાવ પ્રતિક્રમણ

WATCH ON: YouTube | facebook | JioTV SRMD A 24x7 Channel

अरिहंत અરિહંત ટીવી ચેનલ ઉપર ભારતીય સમય પ્રમાણે પ્રસારણ થશે.
સવારે : ૧૦:૦૦ થી ૧૨:૦૦ | સાંજે : ૭:૪૫ થી ૧૦:૧૫

કસ્તુરબેન પ્રવિણ ગડા | કલ્યાણજી જેઠાભાઈ શાહ

(E-NMC326)

કચ્છી મહિલા ફેડરેશન સંચાલિત
જયાબેન વિસનજી મારૂ (બિદડા) મહિલા મેડીકલ ફંડમાંથી

ક.વિ.ઓ. સમાજની માત્ર જરૂરીયાતમંદ મહિલાઓ જેમણે અગાઉ સહાય ન લીધી હોય તેમને નાની મોટી બિમારીમાં હૉસ્પિટલ ખર્ચ - દવાઓ માટે સંસ્થાના ધારા ધોરણ મુજબ સહાય આપવામાં આવશે.

બુધવાર, તા.૧૨-૮-૨૦૨૦ ના સાંજે ૪ થી ૬ માં જ ફોન કરવો.

હેમાબેન સાવલા	જ્યોતિ સાવલા	રમીલા સાવલા	માત્ર નવા મહિલા દર્દીઓ માટે જ
9322109933	9323710200	9869081111	

સહાય માટે અરજદારનું બેંકમાં પોતાના નામનું ખાતુ હોવું જરૂરી રહેશે.

જે મહિલાઓ હાલમાં દવાઓ લઈ રહી છે તેમના લેટેસ્ટ પ્રીસ્ક્રીપ્સન અને ઓગસ્ટ મહિનાથી દવાના બીલ હશે તેમને જ સહાય આપવામાં આવશે.

નામો નોંધાવવા સંપર્ક : બુધવાર, તા.૧૨-૮-૨૦૨૦ ના સાંજે ૪ થી ૬

મનીષા ગંગર - 8779669675 • ફાલ્ગુની છેડા - 9773526149

સંસ્થાની અન્ય પ્રવૃતિ

મહિલા મેડીકલેઈમ પ્રીમીયમ સહાય : કાયમી દાતાશ્રીઓ

૧) શ્રીમતી નવલબેન ઉર્ફે કસ્તુરબેન કલ્યાણજી નાગડા (વીઢ)
૨) શ્રીમતી શાંતાબેન દામજી શાહ તથા શ્રીમતી જયવંતીબેન જાદવજી શાહ એકર પરિવાર (કુંદરોડી)
૩) શ્રીમતી પાનબાઈ વલ્લભજીભાઈ ગડા (માટુંગા-બાડા-વિકાસ ગ્રુપ)
૪) શ્રીમતી કંચનબેન નવીનચંદ્ર પોલડીયા (તલવાણા-અમદાવાદ-નવનીત)

(E-B327)

વર્તમાન પરિસ્થિતિ સાનુકુળ થશે તો મેડીકલેઈમ સહાય માટેના ફોર્મ ની જાહેરાત સપ્ટેંબર મહિનામાં કરવામાં આવશે. વિતરણ ઑક્ટોબર મહિનામાં કરવામાં આવશે. જેની સૌએ નોંધ લેવા વિનંતી.

લિ. મહિલા મેડીકલ ફંડ મુખ્ય કમિટી : ભારતીબેન નવીન ગંગર, હેમાબેન પ્રેમજી સાવલા, જ્યોતિબેન ઝવેરીલાલ સાવલા, રમીલાબેન કાંતિલાલ સાવલા, પાનબાઈ વલ્લભજી ગડા.

NEEL PARI - 9322999742

કપાયા : અનશનવ્રતધારી શ્રી ભુમેશભાઈનો
૨૭ મા ઉપવાસે પરલોકે પ્રયાણ - માનાંજલિ

શ્રી ભુમેશ કુંવરજી સંગોઈ

કચ્છ : કપાયા • મુંબઈ : માટુંગા-સે.રે.

જૈન ધર્મનો ખરો મર્મ જાણી સુવિચાર-વર્તન-સદાચરણ વડે મળેલા માનવ ભવને કલ્યાણકારી બનાવીને અંત સમયે આત્મ કલ્યાણકારી સંથારો આદરનારા અમારા સ્નેહીજન શ્રી ભુમેશભાઈ તપ-ધર્મ અને સત્કાર્યોમાં સમર્પિત રહીને જીવનને ધન્યતા બક્ષી અને અંતે અનશનવ્રત તપ આદરીને એને દિવ્યતા બક્ષી. એમના મોક્ષમાર્ગી દિવ્ય આત્મા પ્રતિ આદરમાન સહ ભાવવંદના.

લિ. સ્નેહીજનો :

અલ્પા કેતન દેવજી સંગોઈ (સંઘવી)
હિના જયંત મુરજી સંગોઈ
જીગ્ના મુકેશ હીરજી સંગોઈ (રાજા)
નીતા વિજય મુલચંદ સંગોઈ

(E-C320)

કચ્છ : કપાયા

હીરેન ફોટો : 9820881876

અનુમોદના... અનુમોદના.... અનુમોદના.....

શ્રી હિંદમાતા કચ્છી જૈન સંઘ છે પુણ્યશાળી
સિધ્ધીતપની અનુમોદના કરવા આપણે બનીએ ભાગ્યશાળી

આપણા શ્રી સંઘમાં ચાતુર્માસ અર્થે બિરાજમાન
સુવ્યાખ્યાની પ.પૂ. ઝંખનાબાઈ મ. (બેરાજા), તપસ્વીની પ.પૂ. કિર્તજ્ઞાબાઈ મ. (ભોજાય)
આદિઠાણા - ૨ સુખશાતામાં છે.

પ.પૂ. કિર્તજ્ઞાબાઈ મ. ના સિધ્ધીતપનું પારણું

તા. ૧૩-૮-૨૦૨૦ ના ગુરૂવારે

થવાની ભાવના છે.

સુવ્યાખ્યાની પ.પૂ. ઝંખનાબાઈ મ. (બેરાજા)

તપસ્વીની પ.પૂ. કિર્તજ્ઞાબાઈ મ. (ભોજાય)

શ્રી હિંદમાતા કચ્છી જૈન સંઘ (દાદર-ઈસ્ટ)
ગચ્છાધિપતિ દેવજી સ્વામીની ગાદી અમર તપો.

રાષ્ટ્રસંત પ.પૂ.આ.ભ.ગુ.શ્રી. છોટાલાલજી મ. સા. તથા પ્રવર્તિની પ.પૂ.જ્યાબાઈ મ. સા ના સુશિષ્યા સુવ્યાખ્યાની પ.પૂ. ઝંખનાબાઈ મ. (બેરાજા) સિધ્ધીતપના આરાધક પ.પૂ. કિર્તજ્ઞાબાઈ મ. (ભોજાય) સુખશાતામાં બિરાજમાન છે. પૂ. મહાસતીજી નો પ્રવેશ થયો ત્યારથી સંઘમાં તપના તોરણ બંધાઈ ગયા. આવા મહામારી ના સમયમાં પણ પ.પૂ કિર્તજ્ઞાબાઈ મ. ની સિધ્ધીતપની ઉગ્ર તપસ્યા પુર્ણાહુતિ ના આરે છે.

૧. પૂ. મહાસતીજી નું પારણું તા. ૧૩-૮-૨૦ ગુરૂવારે છે.
૨. સોનામાં સુગંધ ભળે તેમ બે દંપતિ ઓ એ આજીવન શીલવ્રતના પચ્ચકખાણ લીધા.
૩. શ્રી સંઘમાં ઉપવાસ, ૩ એકાસણા, બ્રહ્મચર્ય વ્રતનું પાલન, રાત્રિભોજન ત્યાગ, લીલોતરી ત્યાગ, વગેરે સાંકળો ચાલી રહી છે.
૪. નવલાખ નવકાર મંત્રના જાપ, ઉવસ્સગહરં ના જાપ ની આરાધના ચાલી રહી છે.
૫. પૂ. મહાસતીજીના તપની પ્રેરણા લઈ તા. ૧૫/૧૬ થી શરૂ થનાર પર્યુષણ મહાપર્વમાં દાનશીલ તપ ભાવની શ્રેષ્ઠ આરાધના કરી મહાપર્વની ઉજવણી કરીએ.
૬. પર્વાધિરાજ પર્યુષણ દરમ્યાન તપ જપ આદિ પ્રતિક્રમણ આદિ અનુષ્ઠાનો સ્વસ્થાને કરવા.

પૂ. મહાસતીજીની ભાવના છે કે દરેક ભાગ્યશાળીને લાભ મળે એ માટે ચાતુર્માસ દરમ્યાન ૪૫ દિવસની આરાધના કરવાના નિયમો બતાવ્યા છે. જે ભાગ્યશાળી નિયમ લેશે એમને પૂ. મહાસતીજીને પારણું કરાવવાનો લાભ મળશે

૧. દરેક નિયમ પર્યુષણ સિવાસના દિવસોમાં કરવાના રહેશે.
૨. પૂ. મહાસતીજીના શ્રી મુખે થી પચ્ચકખાણ લેવાના રહેશે.
૩. ઘરેથી કોઈ પણ વસ્તુ વહોરાવવા માટે લાવવી નહીં
૪. વહોરાવવાની સગવડ ઉપાશ્રયમાં જ રાખવામાં આવશે.
૫. સમય સવારના ૭ થી ૯ નો રહેશે.
૬. પૂ. મહાસતીજી તરફથી રીટર્ન ગીફ્ટ તરીકે નીચે ની પ્રસાદી લેવી.

૪૫-ઉપવાસ (૧ વર્ષમાં)
૪૫-એકાસણા
૪૫-બ્યાસણા
૪૫-આયંબિલ
૪૫-પુરીમઢ
૪૫-સાઢપોરસી
૪૫-પોરસી
૪૫-દિ. બેકરીની વસ્તુ ત્યાગ

૪૫-દિ. મોબાઈલ ત્યાગ (ઈનકમીંગ આઉટ ગોઈંગ સિવાય)
૪૫-વિગય ત્યાગ
૪૫-લીલોતરી ત્યાગ
૪૫-કંદમૂળ ત્યાગ
૧૦૮ લોગસ્સ - ૪૫ દિ.
૧૦૮ નમુત્થુણં - ૪૫ દિ.
૫૦૦ - સામાયિક - ૧ વર્ષમાં

નોંધ - આ નિયમો સિવાય બીજા પણ નિયમો ધારી શકો છો.

લિ. શ્રી હિંદમાતા કચ્છી જૈન સંઘ વતી મંત્રીઓ

(E-B325)

VIRAL MARU - 9819969516

શ્રી બિદડા ગ્રામ પંચાયત

મૂઠી ઉંચેરા માનવી ને
શ્રદ્ધાંજલી

એક તેજસ્વી તારલો...
આભમાંથી અચાનક ખરી પડ્યો,
અને અંધકાર છવાઈ ગયો,
ખબર નથી.....
એ અંધકાર ક્યારે દુર થશે ?

શ્રી કાંતિલાલ આર. શાહ (બિદડા)

(LIC)

કર્મભૂમિ ભલે મુંબઈ હોય પરંતુ **માતૃભૂમિ બિદડા** પ્રત્યે **શ્રી કાંતિભાઈ**ને અથાગ પ્રેમ હતો,
વખતો વખત બિદડા આવે ત્યારે અચૂક ગ્રામ પંચાયતની મુલાકાત લઈ-
ગામ વિશેની માહિતી મેળવી - પોતાના મંતવ્યો - સલાહ સૂચન આપી
અને એ સાથે સંતોષ વ્યક્ત કરી એક એકજ વાત કહેતા -
'**સુરેશભાઈ** - તમારા કાર્યકાળ દરમ્યાન બિદડા ગામને **૫૨-૪૨** માં ઉચ્ચ સ્થાને
લઈ આવવાનું છે. તમો ભગવાન શ્રી રામ અને આશાપુરા માતાજીના ભક્ત છો,
એમના આશિર્વાદ તમારી સાથે છે.'

સદા હસમુખા અને હકારાત્મક અભિગમ ધરાવતા **શ્રી કાંતિભાઈ**ની
અણધારી વિદાય થી સમગ્ર સમાજને ન પુરાય એવી ખોટ પડી છે. કુટુંબ પર આવી પડેલ
આ દુઃખમાં **શ્રી બિદડા ગ્રામ પંચાયત** સહભાગી છે.
શ્રી કાંતિભાઈનો આત્મા જ્યાં પણ હોય ત્યાં ચીર શાંતિ પામે એજ પ્રભુ પ્રાર્થના.

(E-NMC-329)

લી. શોકાતુર

શ્રી સુરેશ વલભજી સંઘાર (સરપંચશ્રી) - શ્રી બિદડા ગ્રામ પંચાયત
પ્રમુખ શ્રી - શ્રી માંડવી તાલુકા ભા.જ.પ. તથા
સમસ્ત બિદડા ગ્રામ પંચાયત પરિવાર અને સૌ ગ્રામજનો

RUJUTA AD./ 98213 30432

શ્રી કુળદેવી સચ્ચા માતાજી સંગોઈ ભાવિક સંઘ સમાઘોઘાના
કાર્યોમાં અમારી સાથે ૪૦ વર્ષથી અખૂટ નાતો નિભાવનાર
પરમ મિત્ર ભાઈથી પણ વિશેષ, આત્મીય સ્વજન

અનશનવ્રતધારી ભુમેશભાઈને શ્રધ્ધાસુમન



અનશનવ્રતધારી શ્રી ભુમેશભાઈ કુંવરજી સંગોઈ

પ્રેમાળ, સ્નેહાળ, શાંત સરળ સ્વભાવી
અમારા મિત્ર ભુમેશભાઈ શ્રાવકના ત્રીજા મનોરથની
ઉત્કૃષ્ઠ ભાવે આરાધના કરતા સિદ્ધગતિ તરફ પ્રયાણ કરેલ છે.
આપશ્રીનો આત્મા શીઘ્રતા શીઘ્ર પરમ પદ પામે એજ
અભ્યર્થનાના ચાહક આપના વ્હાલા મિત્ર પરિવારો

(E-C332)

હસમુખ કાંતિલાલ રામજી સંગોઈ પરિવાર (પત્રી -પાર્લા)
હરીલાલ પ્રેમજી ધારશી સંગોઈ પરિવાર (નાની તુંબડી-મુલુંડ)
કમલેશ કાનજી ભારમલ સંગોઈ પરિવાર (કપાયા-ઠાકુરદ્વાર)

NEEL PARI - 9322299742

શ્રી કપાયા આઠ કોટી નાની પક્ષ જૈન સંઘના
ધર્માનુરાગી, સંઘના આધારસ્તંભ,
સેવાભાવી અનશનવ્રતધારી

શ્રી ભુમેશભાઈ કુંવરજી સંગોઈ

શ્રધ્ધાસુમન

કચ્છ : કપાયા
મુંબઈ : માટુંગા
મોક્ષગમન
સોમવાર, તા.૧૦-૮-૨૦

પુણ્યના ઉદયથી આત્માને મનુષ્ય દેહ પ્રાપ્ત થાય છે એ મનુષ્ય દેહે કરેલા સત્કર્મોથી વીતરાગ માર્ગ સ્વીકાર થવું તે વિશેષ પુણ્યોદય. એવા વીતરાગ માર્ગને સ્વીકારીને ભુમેશભાઈએ પોતાના પુરૂષાર્થબળને ફોરવી, કાયાની માયાને વિસરી દુષ્કર એવુ અનશનવ્રત આદરેલ, જે ૨૭ દિવસમાં સમતા, શાંતિ અને આનંદપૂર્વક પૂર્ણ થયેલ છે. એ ભવ્ય આત્માની એકનિષ્ઠા, સહનશીલતા તથા આત્મજાગૃતિ જોઈ હૃદય આનંદિત થાય છે.

અંતિમ આરાધના દ્વારા જે તેમણે મુકિતનો લક્ષ્ય બાંધ્યો છે તે લક્ષ્ય શીઘ્રતાથી લક્ષ્યગત થાય એવી અમારી અભ્યર્થના.

(E-B333)

શ્રી કપાયા આઠ કોટી નાની પક્ષ જૈન સંઘના
સર્વે શ્રાવક અને શ્રાવિકાઓના જયજીનેન્દ્ર

NEEL PARI - 9322299742

સગા ભાઈ જેવો પારીવારીક પ્રેમ કરનારા
વડીલ, પથદર્શક, મૈત્રીના માણીગર

કાંતિલાલભાઈને માનાંજલિ

શ્રી કાંતિલાલ આર. શાહ

(E-C330)

મૈત્રીના સંબંધને સ્નેહથી સમધુરતા બક્ષી,
સ્વજનથી વિશેષ રૂપે જાળવનારા, સુખ દુઃખમાં સાથે રહેનારા
કાંતિલાલભાઈની સ્મૃતિઓ અવિરત આંખો ભીંજવશે
એમના પુનિત આત્મા પ્રતિ શ્રધ્ધાસુમન અર્પણ.

ચંપકલાલ વલ્લભજી છેડા
(નાના આસંબીયા - ઘાટકોપર)

NEEL PARI - 9322299742

પ્રેમના પરિમલ - સ્નેહના સારથી - મિત્રતાના માણીગાર
સ્નેહી સ્વજન ઝિંદાદીલ મિત્રને અશ્રુભીની હૃદયાંજલિ..

અનશનવ્રતધારી શ્રી ભુમેશ કુંવરજી સંગોઈ

પત્થર પર કોતરાયેલી શીલાલેખ વર્ષો બાદ ભૂંસાઈ જાય છે.
પણ સ્નેહના સ્મરણો કદીએ ભૂલાતા નથી...
હજી પણ અમને તમારા હાસ્યના ફુવારા યાદ આવ્યા કરે છે.
તમારા દ્વારા આવકારાતા પડઘાના રણકાર હજી ગુંજ્યા કરે છે.
દિલમાં તમારી દોસ્તીનાં પગલાં છે,
રોકવું નથી દિલને ધબકતું તમારા નામે,
અમારે તો દરેક ધબકારે તમને યાદ કરવા છે.

(E-C334)

મિત્ર દંપતી	:	નૂતનબેન કમલેશ દેઢિયા	કપાયા-દાદર
પુત્ર-પુત્રવધુ	:	કેતકી ગુંજન દેઢિયા	LA, USA
પુત્રી-જમાઈ	:	મોનલ ભાવેશ ગડા	રાયણ
દોહિત્ર-દોહિત્રી	:	પરી, દિવ્યમ	

માતુશ્રી સાકરબેન મગનલાલ ધારશી દેઢિયા પરિવારના જયજીનેન્દ્ર

NEEL PARI - 9322299742

નિડર મિત્ર, સદાય હસમુખા, અનશનના આરાધક, સંથારાના સાધક
પરમ મિત્ર શ્રી ભુમેશભાઈ કુંવરજી સંગોઈને સ્નેહાંજલિ



(E-C337)

તા.૧૦-૮-૨૦, સવારના ૯.૧૫ કલાકે અમારા મિત્ર એટલે ભુમેશભાઈનો સંથારો શીજી ગયાના સમાચાર જાણી ખૂબ જ દુ:ખ થયું. દુ:ખદ વિદાયના સમાચાર જાણી અમે સૌ મિત્રગણ દુ:ખની લાગણી અનુભવીએ છીએ. ભુમેશભાઈ એક ઝિંદાદિલ વ્યકિત હતા. હંમેશા હસતાં અને હસાવતા રહેતા અમારા મિત્રને જ્યારે ભગવાને Friend Request મોકલી ત્યારે ભુમેશભાઈને સમજ પડી ગઈ કે હવે મારી પાસે સમય ખૂબ જ ઓછો છે અને એ Friend Request નો ભુમેશભાઈ તરત જ સ્વીકાર કરી શ્રાવકના ત્રીજા મનોરથ એટલે કે અનશનવ્રત ની આરાધનામાં લીન થઈ ગયા અને અમને સમજણ આપતા ગયાં કે

માણસનો છેલ્લો સમય આવે ત્યારે એના જીવનભરની સાધનાની કસોટી થાય છે. એ વખતે જો એનું મન ચંચળ બની વિષયોમાં દોડાદોડ કરતું હોય તો સમજવું કે એની સાધના અધૂરી હતી. પરંતુ અંત સમયે જો એ સ્વસ્થ રહી શકે, શાંત અને પ્રસન્ન રહી શકે તો સમજવું કે એના જીવનની સાધના પૂરી થઈ. આંખ મીંચાય ત્યારે માણસ આટલા શબ્દો જ કહી કે અનુભવી શકે - I have done my duty - તો એનું જીવન સફળ સમજવું અને ખરેખર ભુમેશભાઈ એ કરી બતાવ્યુ છે.

પરમકૃપાળુ પરમાત્મા ભુમેશભાઈના દિવ્ય આત્માને શાંતિ અર્પે તેમજ આપના પરિવારને આ આઘાત સહન કરવાની શકિત આપે તેમ જ ભુમેશભાઈનો આત્મા જ્યાં પણ હોય વહેલામાં વહેલી તકે મોક્ષ પામે તેજ પ્રાર્થના સાથે આપના દુ:ખના સહભાગી એવા અમારા સૌ મિત્રગણના આપને તથા આપના પરિવારજનોને જયજિનેન્દ્ર જય મહાવીર

-: લિ.કપાયાના પરમ મિત્રો :-

અશોક વેલજી ગોગરી, જયેશ કેશવજી ગોગરી, ગાંગજી લખમશી સંગોઈ,
જીગ્નેશ માવજી દેઢિયા, સુરેન્દ્ર મોરારજી (ગાભુ) ભેદા, રાજેશ પ્રેમજી સંગોઈ

NEEL PARI - 9322299742

શ્રી કપાયા સખી વૃંદ
સુશ્રાવક ભુમેશભાઈને ભાવાંજલિ

કચ્છ કપાયા

મુંબઈ માટુંગા

અનશનવ્રતધારી શ્રી ભુમેશ કુંવરજી સંગોઈ

મંડળના ઉપપ્રમુખ શ્રીમતી વીણાબેન ભુમેશ સંગોઈના જીવનસાથી ભુમેશભાઈએ જેઓ હંમેશા બધાને હસાવતા, સંપ, ધર્મમય કલ્યાણકારી, દયામય આવા વ્યકિતની આ સંસારમાંથી વિદાય થઈ છે. જે વીણાબેન તેમ જ કુટુંબ માટે અસહ્ય રહેશે.

ભુમેશભાઈ પોતાના દ્રઢ મનોબળ સાથે શ્રાવકના ત્રીજા મનોરથ રૂપી સંથારો આદરી ખૂબ જ શાતા પૂર્વક ૨૭ માં ઉપવાસે પૂર્ણ કરેલ છે. પ્રભુ તેમને શીઘ્રતાથી મોક્ષ ગામી બનાવે એજ પ્રાર્થના.

વીણાબેને સંપૂર્ણ સમય પોતાના પતિને હિમ્મત આપી સાથે રહી ધર્મમય સાથ આપ્યો છે. પ્રભુ એમને અને કુટુંબને આવુ જ મનોબળ અને શક્તિ આપે એજ પ્રાર્થના.

(E-B335)

લિ. કપાયા સખીવૃંદના જયજીનેન્દ્ર

NEEL PARI - 9322299742

મરણ ખબર છાપવા અંગે જરૂરી સૂચના

(૧) મરણ ખબરની જાહેરાતમાં શરૂઆતમાં ગામનું નામ લખ્યા પછી અવસાન પામેલ વ્યક્તિનું પુરેપુરૂ (પિતા કે પતિના નામ સાથે) નામ લખવું જરૂરી છે.

(૨) મરણ ખબરની જાહેરાતમાં અક્ષરોની ૫૦૦ (સરનામા સહિત) મર્યાદામાં જ સ્વીકારવામાં આવશે, વધારે નહીં.

(૩) દરેક સંબંધોની આગળ ના શબ્દ હોવો જરૂરી છે. દા.ત. રાજેશ ના સાસુજી.

(૪) ચક્ષુદાન, દેહદાન, ત્વચાદાન તથા ઈ-મેઈલ આઈડીના અક્ષરો ગણતરીમાં લેવામાં આવતા નથી.

(૫) સદ્‌ગતનાં આઈકાર્ડ સાઈઝના બે ફોટોગ્રાફ લઈ આવવા.

(૬) મરણની ડેથ સર્ટીફીકેટની ઝેરોક્ષ લાવવી.

(૭) મરણ ખબર સ્વીકારવાનો સમય સવારે ૯-૦૦ થી ૨-૦૦ સુધીનો છે તો આ સમયમાં આવી જવું.

(૮) મરણ ખબરની વિગત લેટરહેડ ઉપર અથવા રબ્બર સ્ટેમ્પ મારેલા ફુલસ્કેપ પાના ઉપર ડુપ્લીકેટમાં લાવવી જરૂરી છે.

(૯) મરણ ખબરની જાહેરાતમાં લખવામાં છેકછાક ન હોવી જોઈએ. બરોબર સમજાય તેવી રીતે સારા અક્ષરોમાં લખવું જરૂરી છે.

(૧૦) પ્રાર્થના સ્થળનું સરનામું પુરેપુરૂ લખવું. ટુંકાણમાં શબ્દોનો પ્રયોગ ન કરવો.

(૧૧) નિવાસ સ્થાનની આગળ વ્યક્તિનું નામ અને એડ્રેસમાં પીન કોડ નંબર લખવા જરૂરી છે.

લિ. સંયુકત ખબર પત્રિકા સમિતીનાં માનદ મંત્રીઓ

(*)

કુળદેવી શ્રી સચ્ચામાતાજી સંગોઈ ભાવિક સંઘ - સમાઘોઘા

શ્રી સચ્ચામાતા સંગોઈ ભાવિક ટ્રસ્ટ - સમાઘોઘા ના ટ્રસ્ટી

ભાવિક સંઘના કર્ણધાર, સૂત્રધાર, સંનિષ્ઠ, શ્રધ્ધેય, ધર્માનુરાગી કાર્યકરને ભાવાંજલિ



અનશનવ્રતધારી શ્રી ભુમેશભાઈ કુંવરજી સંગોઈ

અવનીએથી અંતરીક્ષની સફર : સોમવાર, તા.૧૦-૮-૨૦

સચ્ચા મા પ્રત્યે અસીમ શ્રધ્ધા ભાવ સાથે ચાર દાયકાથી વધારે સેવા આપતા હસમુખા ભુમેશભાઈ દરેક કાર્યોમાં અગ્રેસર રહી વેગવંતા બનાવનાર, સંઘની પ્રગતિનો ગ્રાફ નિશદીન ઉપર લઈ જવામાં પાયાના પત્થર બની યોગદાન આપનાર સંગોઈ પરિવારના પ્રેમાળ પરિમલમૂર્તિ ભુમેશભાઈની વિદાયથી શ્રી સંઘને કદી ન પૂરાય એવી ખોટ પડી છે.

અનશનની આરાધના કરી ભવને સુધારી જનાર ભુમેશભાઈએ અનંતયાત્રાએ પ્રયાણ કર્યું જેથી સમગ્ર સંગોઈ નુખમાં અંધકાર છવાઈ ગયો. પરંતુ તેમની સૌજન્યશીલતા અને સદ્‌ભાવનાની તેજસ્વી જ્યોત સહુના જીવનમાં સતત પ્રેરણા પ્રકાશ રેલાવશે. ચંદન સમ જીવન જીવી પરમાર્થભાવના સભર કાર્યો કરનાર ભુમેશભાઈની અવિરત ખોટ હર હંમેશ સાલશે.

સરળ સ્વભાવના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ આપે કર્મના યોગે કરી જે કુળમાં એ અવતરે ત્યાં પૂર્ણ પ્રેમે મા-પ્રભુની ભક્તિ કરે અને સત્વરે મોક્ષગામી બને એ જ સચ્ચા મા - પ્રભુ પાસે અભ્યર્થના.

શ્રી સચ્ચામાતા સંગોઈ ભાવિક ટ્રસ્ટ - સમાઘોઘા

(E-B336)

NEEL PARI - 9322299742